# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , દરિયાઈ ક્ષેત્ર ભારતના વિકાસને આગળ ધપાવી રહ્યું છે

2) ચૂંટણી પંચે નાગરિકોના પ્રશ્નોનું સમાધાન કરવા રાષ્ટ્રીય મતદાર સહિત તમામ રાજ્ય-જિલ્લા સ્તરની હેલ્પલાઈન સક્રિય કરી

3) ભારત-રશિયા આંતર-સરકારી સૈન્ય અને સૈન્ય તકનિકી સહયોગ આયોગની પાંચમી બેઠક નવી દિલ્હીમાં યોજાઈ.

4) ઇઝરાયલે ગાઝામાં કરેલા હુમલાઓમાં 104 પેલેસ્ટિનિયનોના મોત

5) સ્ક્વોશમાં, ભારતની અનાહત સિંહે કેનેડિયન વિમેન્સ ઓપન 2025 ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-MARITIME WEEK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે , દરિયાઈ ક્ષેત્ર ભારતના વિકાસને આગળ ધપાવી રહ્યું છે. તેમણે કહ્યું કે , છેલ્લા દાયકામાં, આ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જેનાથી વેપાર અને બંદર માળખાગત સુવિધામાં વધારો થયો છે. શ્રી મોદી આજે સાંજે મુંબઈમાં ભારત સમુદ્રી સપ્તાહ 2025 અંતર્ગત યોજાયેલા સંમેલનને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે , ભારતનું દરિયાઈ ક્ષેત્ર ખૂબ જ ઝડપથી અને ઉર્જા સાથે આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું, આજે, ભારતના બંદરો વિકાસશીલ વિશ્વમાં સૌથી કાર્યક્ષમ ગણાય છે.

(બાઇટ : PM-EFFICIENT-PORT)

શ્રી મોદીએ કંડલા બંદરની સિદ્ધિનો પણ ઉલ્લેખ કર્યો.

(બાઇટ : PM-MARITIME-GREEN-ENERGY)

પ્રધાનમંત્રીએ કહ્યું કે , ભારત જહાજ નિર્માણમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચવાના પ્રયાસોને વેગ આપી રહ્યું છે. તેમણે કહ્યું કે , સરકારે એક સદી જૂના વસાહતી શિપિંગ કાયદાઓને 21મી સદી માટે યોગ્ય આધુનિક , ભવિષ્યવાદી કાયદાઓથી બદલી નાખ્યા છે.

(બાઇટ : PM-ON-SHIPING-LAW)

. . . . . . . . . . . . .

# REV.PRESIDENT-RAFALE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે હરિયાણાના અંબાલા વાયુ સેના મથકથી રાફેલ લડાકુ વિમાનમાં ઉડાન ભરી હતી. આ ઉડાન લગભગ 25 મિનિટની હતી. આજે સવારે વાયુસેના મથક પર પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર અપાયું. અગાઉ, એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહ , હરિયાણાના કેબિનેટ મંત્રી અનિલ વિજ , અંબાલાના ડેપ્યુટી કમિશનર અજય સિંહ તોમર સહિતના અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. એપ્રિલ 2023 માં, ભારતીય સશસ્ત્ર દળોના સર્વોચ્ચ કમાન્ડર રાષ્ટ્રપતિ મુર્મુએ આસામના તેજપુર વાયુસેના મથક પર સુખોઈ - 30 એમકેઆઈ લડાકુ વિમાનમાં ઉડાન ભરી હતી.

. . . . . . . .

# JAISHANKAR-EU TRADE

યુરોપિયન સંસદની આંતરરાષ્ટ્રી ય વેપાર સમિતિના પ્રતિનિધિમંડળે આજે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ . એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી . એક સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ . જયશંકરે જણાવ્યું હતું કે , તેમણે ભારત અને યુરોપિયન સંઘ કેવી રીતે મહત્તમ સમન્વય અને સહયોગ ગાઢ બનાવી શકે છે તે અંગે ચર્ચા કરી હ તી. તેમણે કહ્યું હતું કે , આ વૈશ્વિક અર્થતંત્રને સ્થિર કરી શકે છે અને લોકશાહી શક્તિઓને મજબૂત કરી શકે છે . વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે , ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર સમજૂતીનું વહેલું નિષ્કર્ષ આ ઉદ્દેશ્યોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

. . . . . . . .

# EC-HELPLINE

કેન્દ્રીય ચૂંટણી પંચે નાગરિકોના તમામ પ્રશ્નો અને ફરિયાદોનો ઉકેલ લાવવા માટે રાષ્ટ્રીય મતદાર હેલ્પલાઇન અને તમામ રાજ્ય અને જિલ્લા સ્તરની હેલ્પલાઇન સક્રિય કરી છે . રાષ્ટ્રીય સંપર્ક કેન્દ્ર તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે કેન્દ્રીય હેલ્પલાઇન તરીકે સેવા આપશે . તે દરરોજ સવારે 8:00 થી રાત્રે 8:00 વાગ્યા સુધી ટોલ -ફ્રી નંબર 1800-11-1950 દ્વારા કાર્યરત છે . કોલનું સંચાલન તાલીમ પામેલા અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે જેઓ નાગરિકો અને અન્ય હિસ્સેદારોને ચૂંટણી સેવાઓ અને પ્રશ્નોમાં મ દદ કરે છે . ચૂંટણી પંચે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો અને જિલ્લાઓને સમયસર અને સ્થાનિક પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે અનુક્રમે પોતાનું રાજ્ય સંપર્ક કેન્દ્ર અને જિલ્લા સંપર્ક કેન્દ્ર સ્થાપિત કરવા માટે સૂચનાઓ જારી કરી છે.

. . .

# INDIA-RUSSIA MILITARY MEET

ભારત-રશિયા આંતર -સરકારી કમિશન ઓન મિલિટરી એન્ડ મિલિટરી ટેકનિકલ કોઓપરેશનના લશ્કરી સહયોગ પર કાર્યકારી જૂથની 5મી બેઠક આજે નવી દિલ્હીમાં યોજાઈ . બેઠક દરમિયાન, બંને પક્ષો વચ્ચે ચાલી રહેલા સંરક્ષણ સંબંધોને મજબૂત બનાવવા અને હાલના દ્વિપક્ષીય સહયોગમાં નવી પહેલો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા ચીફ ઓફ ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ એર માર્શલ આશુતોષ દિક્ષિત અને ડેપ્યુટી ચીફ ઓફ મેઈન ઓપરેશન્સ , ડિરેક્ટોરેટ ઓફ ધ જનરલ સ્ટાફ ઓફ ધ આર્મ્ડ ફોર્સિસ લેફ્ટનન્ટ જનરલ ડાયલેવસ્કી ઇગોર નિકોલાયેવિચ દ્વારા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# ISRAEL-GAZA ATTACK

ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે , પેલેસ્ટિનિયન સશસ્ત્ર જૂથ હમાસ દ્વારા અમેરિકાની મધ્યસ્થી હેઠળના યુદ્ધવિરામ કરારના ઉલ્લંઘનના જવાબમાં ગઈકાલે રાત્રે ગાઝામાં અનેક આતંકવાદી સ્થળો અને આતંકવાદીઓ પર હુમલો કરાયો . પ્રદેશના હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે , ઇઝરાયલી હુમલાઓમાં 104 પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા . ઇઝરાયલના સંરક્ષણ મંત્રીએ હમાસ પર ગાઝામાં થયેલા હુમલામાં એક ઇઝરાયલી સૈનિકનું મોત નીપજ્યું અને બંધકોના મૃતદેહ પરત કરવાની શરતોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો . હમાસે કહ્યું હતું કે તેનો આ હુમલા સાથે કોઈ સંબંધ નથી અને તે આ કરાર પ્રત્યે પ્રતિબદ્ધ છે. ભ

. . . . .

# REDDY COAL AUCTIONS

કોલસા અને ખાણ મંત્રી જી . કિશન રેડ્ડીએ આજે નવી દિલ્હીમાં વાણિજ્યિક કોલસા ખાણ હરાજીના 14મા તબક્કાનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો . આ પ્રસંગે, શ્રી રેડ્ડીએ ભાર મૂક્યો કે હરાજીનો હેતુ વેપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા , વિવિધ રોકાણોને આકર્ષવા અને વ્યાપક ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે ઉમેર્યું કે પ્રથમ વખત કોલસા અને ખાણ મંત્રાલય હરાજીના માળખામાં ભૂગર્ભ કોલસા ગેસિફિકેશન-UCG માટે જોગવાઈઓ રજૂ કરી રહ્યું છે . તેમણે ઉમેર્યું કે આનાથી ઊંડાણમાં ખાણ ન કરી શકાય તેવા ભંડારોના નિષ્કર્ષણને સક્ષમ બનાવવામાં મદદ મળશે.

. . . .

# SQUASH

સ્ક્વોશમાં, ભારતની અનાહત સિંહે કેનેડિયન વિમેન્સ ઓપન 2025 ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો . ટોરોન્ટોમાં મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં અનાહતે વિશ્વની સાતમી ક્રમાંકિત બેલ્જિયમની ટિન ગિલિસને સીધી ગેમમાં 12-10, 11-9, 11-9થી હરાવી. અનાહત સિંહ આવતીકાલે સેમિફાઇનલ મુકાબલામાં ઇંગ્લેન્ડની જ્યોર્જીના કેનેડી સામે ટકરાશે . અન્ય સેમિફાઇનલમાં , ઇજિપ્તની અમીના ઓર્ફી આવતીકાલે અમેરિકન અમાન્ડા સોભી સામે ટકરાશે.

. . . . .

# WOMEN CRICKET

ICC મહિલા એક દિવસીય વિશ્વ કપની પ્રથમ સેમિફાઇનલમાં આજે દક્ષિણ આફ્રિકાએ ઈંગ્લેન્ડને જીતવા 320 રનનો લક્ષ્યાંક આપ્યો છે . ગુવાહાટીના બરસપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી આ મેચમાં ઇંગ્લેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. છેલ્લા અહેવાલ પ્રમાણે ઈંગ્લેન્ડના 10 ઓવરમાં 3 વિકેટે 34 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . .

# FUR REV EVE CRICKET-RAIN

પુરુષોની ક્રિકેટમાં, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કેનબેરામાં રમાયેલી પાંચ મેચની શ્રેણીની પહેલી T20 આંતરરાષ્ટ્રીય મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. બેટિંગ માટે ઉતરેલી ભારતની ટીમે 9.4 ઓવરમાં 1 વિકેટે 97 રન બનાવ્યા ત્યારે વરસાદે રમતમાં વિક્ષેપ પાડ્યો હતો. અગાઉ, વરસાદને કારણે મેચ 18 ઓવરની કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિશેલ માર્શે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. બંને ટીમો વચ્ચેની બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચ શુક્રવારે મેલબોર્નમાં રમાશે.

. . . . . . . . .

# GST

દેશભરના ઘણા ક્ષેત્રોમાં GST દરોમાં ઘટાડા સાથે 22 સપ્ટેમ્બરના રોજથી GST બચત ઉત્સવની શરૂઆત થઈ હતી.

અમારા સંવાદદાતા પ્રવાસન ક્ષેત્ર પરના ઘટાડેલા GST દરોથી નાગરિકોને કેવી રીતે ફાયદો થઈ રહ્યો છે તે અંગે સાંભળીએ એક અહેવાલ....

(V/C- SHIVANG GST)

. . . . . . . . . . . . . .